# રિટેલમાં એફડીઆઈથી સામાન્ય લોકોને ફાયદો જ થશે : વડાપ્રધાન

**વધુ રોજગારીની તકો ઉભી કરવાના પ્રયાસો હાથ ધરાયા છે : સમાજમાં પરિવર્તન લાવવા અને સમૃદ્ધિ લાવવા કેટલાક કઠોર નિર્ણય કરાયા છે : ખેડૂતોને પેદાશ માટે યોગ્ય કિંમત મળશે : રામલીલા મેદાનમાં સંબોધન**

નવી દિલ્હી,તા. ૪

યુપીએ સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાના સંબંધમાં ખોટી માહિતી ફેલાવવાનો વિરોધપક્ષ પર આક્ષેપ કરતા વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યુ હતુ કે રિટેલ ક્ષેત્રમાં એફડીઆઈથી સામાન્ય લોકોને સીધો ફાયદો થશે. તેમણે કહ્યુ હતુ કે રિટેલમાં એફડીઆઈ સહિતના હાલમાં હાથ ધરવામાં આવેલા પગલાઓથી સામાન્ય લોકોને રાહત થશે. સાથે સાથે રોજગારીની વધુ તકો પણ સર્જાશે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં રામલીલા મેદાન ખાતે કોંગ્રેસની રેલીને સંબોધતા તેમણે કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટી અને સરકાર સમૃદ્ધ ભારતના નિર્માણ માટે કટિબદ્ધ છે પરંતુ લોકોને તેમના ઉદ્દેશ્યને હાંસલ કરવા માટે હજુ લાંબા અંતર સુધી ચાલવું પડશે. સિંહે કહ્યુ હતુ કે જો અમે દેશના હિત માટે અમારી નીતિઓમાં કેટલાક ફેરફાર કરી રહ્યા છીએ તો તેનાથી ચોક્કસપણે ફાયદો થશે. વિદેશી મૂડીરોકાણ માટે મલ્ટિબ્રાન્ડ રિટેલને ખોલવાના નિર્ણયનો બચાવ કરતા સિંહે કહ્યુ હતુ કે આનાથી ખેડૂતોને નુકસાન થશે તેવા અહેવાલ બિલકુલ પાયા વગરના છે. કોંગ્રેસ અને વિરોધ કરી રહેલા લોકો વચ્ચે અંતર યોગ્ય નથી. સરકાર સમાજમાં પરિવર્તન લાવવા ઈચ્છે છે. સિંહે એમ પણ કહ્યુ હતુ કે આ પરિવર્તન લાવવા અને વિકાસને ઝડપી બનાવવા ઘણા કઠોર નિર્ણયો લીધા છે. વિરોધપક્ષો બિનજરૂરી હોબાળો મચાવી રહ્યા છે.



આઠ કરોડ લોકોને મનરેગાથી ફાયદો થયો છે. જ્યારે ૧૨ કરોડ બાળકોને મધ્યાહન ભોજન યોજનાથી ફાયદો થયો છે. સમૃદ્ધી સામાન્ય લોકો સુધી પહોંચવી જોઈએ. વધુ રોજગારીની તકો સર્જવા માટે આર્થિક સુધારાઓની જરૂર છે. તાજેતરના સરકારના નિર્ણય અંગે ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે. છેલ્લા આઠ વર્ષમાં ઘણુ બધુ કામ કરવામાં આવ્યુ છે. એફડીઆઈનો બચાવ કરતા તેમણે કહ્યુ હતુ કે કોંગ્રેસ અને સરકાર માને છે કે રિટેલમાં એફડીઆઈથી ખેડૂતોને ફાયદો થશે. અમને તમામને ફાયદો થશે. તેમની પેદાશ માટે ખેડૂતોને યોગ્ય કિંમત મળશે. નવી રોજગારીની તકો સર્જાશે.

# ભ્રષ્ટાચારીઓને છોડવામાં આવશે નહીં : સોનિયા ગાંધી

**રામલીલા મેદાન પર મહારેલીને સંબોધન : કોંગ્રેસની નીતિ બિલકુલ સ્પષ્ટ, પારદર્શક હોવાનો દાવો**

નવી દિલ્હી,તા. ૪

દિલ્હીમાં રામલીલા મેદાનમાં કોંગ્રેસની મહારેલી યોજાઈ હતી. આ મહારેલીમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, વડાપ્રધાન મનમોહનસિંહ અને રાહુલ ગાંધીએ પણ સંબોધન કર્યુ હતુ. સોનિયા ગાંધીએ તેમના સંબોધનમાં કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટી દેશની એકતા અને અનેકતામાં સંપૂર્ણપણે વિશ્વાસ રાખે છે અને આનુ સન્માન પણ કરે છે. કોંગ્રેસની નીતિ બિલકુલ સ્પષ્ટ હોવાનો દાવો કરતા ગાંધીએ કહ્યુ હતુ કે ભ્રષ્ટાચારીઓને કોઈ પણ કિંમતે છોવામાં આવશે નહીં. ગાંધીએ કહ્યુ હતુ કે કોંગ્રેસની સરખામણી અન્ય કોઈ પણ પાર્ટી કરી શકે નહીં. કોંગ્રેસ પાર્ટીએ આઝાદીની લડત લડી હતી. કોંગ્રેસે દેશને આધુનિક બનાવવામાં ભૂમિકા ભજવી છે. સંપૂર્ણ ઈમાનદારી સાથે દેશના વિકાસ અને દેશના લોકોના હિતમાં યુપીએ સરકાર કામ કરી રહી છે. આજે સરકાર અને પાર્ટી પર આક્ષેપો થઈ રહ્યા છે. અમે પડકારોનો મક્કમતાપૂર્વક સામનો કરીએ છીએ. સરકારને નબળી પાડવા માટે ઘણી તાકાતો સક્રિય થયેલી છે. સોનિયા ગાંધીએ એમ પણ કહ્યુ હતુ કે વિપક્ષ સામાન્ય લોકોના હિત સાથે જોડાયેલા મુદ્દાઓ પર વાત કરવા તૈયાર નથી. જન કલ્યાણ માટેના કાયદાઓને પસાર કરવાની તક પણ આપવામાં આવી રહી નથી.



ભાજપે જ લોકપાલબિલને અટકાવી દીધુ છે. આરોપ મુકનાર લોકો ભ્રષ્ટાચારમાં ડૂબેલા છે. ભ્રષ્ટાચાર એક કેન્સર છે અને ગરીબીને મારી નાંખે છે. ભ્રષ્ટાચારીઓને કાયદાકીય રીતે સકંજામાં લઈને સજા કરાશે. ગાંધીએ કબૂલાત કરી હતી કે મોંઘવારી સામાન્ય લોકો પર બોજ બની ચૂકી છે. સરકાર આને દૂર કરવા માટે કટિબદ્ધ છે. આ જ કારણસર રેશનીંગની દુકાનો પર ઘઉ અને ચોખાની કિંમતમાં વધારો કરવામાં આવ્યો નથી. સોનિયા ગાંધીએ પણ આર્થિક સુધારાઓની વિસ્તારપૂર્વક વાત કરી હતી અને કહ્યુ હતુ કે આર્થિક સુધારાઓથી દેશ ઝડપથી વિકાસના માર્ગ પર આગળ વધશે અને દેશને ફાયદો થશે. સમૃદ્ધિ માટે દેશ સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

# હિમાચલમાં ૭૦ ટકાથી વધુ શાંતિપૂર્ણ મતદાન

**પ્રેમકુમાર ધુમાલ અને વિરભદ્રસિંહ સહિત શક્તિશાળી ઉમેદવારોના ભાવિ હવે ૨૦મી ડિસેમ્બરના દિવસે જાણી શકાશે**

શિમલા,તા.૪

હિમાચલ પ્રદેશમાં સઘન સુરક્ષા વચ્ચે આજે ૭૦ ટકાથી વધારે મતદાન થતા રાજકીય પક્ષોમાં જોરદાર ગણતરીનો દોર શરૂ થઈ ગયો હતો. જો કે હવે સંપૂર્ણ ચિત્ર ૨૦મી ડિસેમ્બરના દિવસે જ સ્પષ્ટ થશે.આજના મતદાનની સાથે જ કુલ ૪૫૯ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આજે સવારથી જ મતદારોની લાંબી લાઈનો તમામ મતદાન મથકો પર જોવા મળી હતી. મતદારોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો હતો.તમામ મતદાન મથકો પર પહેલાથી મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થતા તંત્રને પણ મોટી રાહત થઈ હતી. ઉંચા મતદાનના ચૂંટણી પંચના તમામ પ્રયાસો સફળ રહ્યા હતા. શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા સાવચેતીના તમામ પગલાં પંચ દ્વારા પહેલાથી લેવામાં આવ્યા હતા. ચૂંટણી સામગ્રી પણ સંબંધિત સ્થળો ઉપર પહોંચાડી દેવામાં આવી હતી. હિમાચલમાં કુલ ૪૫૯ ઉમેદવારો મેદાનમાં હતા જે પૈકી ૨૭ મહિલા ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે.હિમાચલમાં કુલ મતદારોની સંખ્યા ૪૬૦૮૩૫૯ જેટલી નોંધાઈ હતી. અહીંયા મહિલા મતદારોની સંખ્યા ૨૨૩૧૭૭૨ જેટલી નોંધાઈ હતી. મતદાનને લઈને મતદારો પણ ખૂબ જ ઉત્સાહિત દેખાયા હતા. કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પણ પૂરતા પગલાં લેવામાં ાવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ૬૮ વિધાનસભાની બેઠક માટે છેલ્લા ઘણા દિવસથી પ્રચાર ચરણસીમાએ હતો. ચૂંટણી પ્રચારનો અંત આવી ગયા બાદ છેલ્લા કલાકોમાં ઉમેદવારોએ ઘેર ઘેર જઈને મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસો કર્યા હતા. ભાજપ અને કોંગ્રેસ તમામ બેઠકો પર ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે બહુજન સમાજ પાર્ટીએ ૬૬ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. અન્ય રાજકીય પક્ષોએ પણ પોત પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હિમાચલમાં મુખ્ય સ્પર્ધા જોવા મળશે. બંને મુખ્ય રાજકીય પક્ષોમાં બળવાખોરો મેદાનમાં હોવાથી બંને પક્ષો માટે આ વખતે નવી સમસ્યા ઉભી થઈ ગઈ છે. આજે મતદાન યોજાયા બાદ મત ગણતરીની પ્રક્રિયા ૨૦મી ડિસેમ્બરના દિવસે હાથ ધરવામાં આવશે. ઈવીએમ મારફતે તમામ જગ્યાએ મતાધિકારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હિમાચલમાં જે સ્ટાર પ્રચારકોએ પ્રચાર કર્યો હતો તેમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, જનરલ સેક્રેટરી રાહુલ ગાંધી, ભાજપના નેતા એલકે અડવાણી, અરૂણ જેટલીનો સમાવેશ થાય છે. ૨૦૦૭માં યોજાઈ રહેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૪૧ અને કોંગ્રેસને ૨૩ બેઠક મળી હતી. બહુજન સમાજ પાર્ટીને એક અને અપક્ષોને ત્રણ બેઠકો મળી હતી.

એક બસપ ધારાસભ્ય ભાજપમાં જોડાઈ ગયા હતા. રાજ્યમાં કુલ મતદાન મથકો પૈકી ૭૬૩ અતિ સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરવામાં આવ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ચૂંટણી પ્રચાર કરીને લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. મોદીએ કહ્યુ હતુ કે હિમાચલ સરકાર ફરી શાનદારરીતે સત્તામાં રહેશે અને ભાજપની ભવ્ય જીત થશે. હિમાચલમાં પણ ગુજરાતની જેમ વિકાસ કરવામાં આવશે. મોદી શશી થરુરનો મામલો ઉઠાવીને નવી ચર્ચા પણ જગાવી હતી.

# દેશભરમાં ટેલિફોન યુઝરોના નેટવર્કમાં ચાર ટકાનો વધારો

નવી દિલ્હી,તા. ૪

ભારતમાં મોબાઈલ અને ટેલિફોન ક્ષેત્રે ક્રાંતિ હજુ પણ યથાવતરીતે જોવા મળી રહી છે. દેશમાં કુલ ટેલિફોન ગ્રાહક નેટવર્કમાં ૪.૪૨ ટકાનો વધારો થયો છે જેથી ટેલિફોન યુઝરોનું નેટવર્ક વધીને ૯૩૯.૫૭ મિલિયન સુધી પહોંચી ગયુ છે. જ્યારે ટેલિડેનસીટી ઓગસ્ટ ૨૦૧૨ના અંતે વધીને ૭૭.૨૮ ટકા થઈ ગઈ છે. યુઝર બેઝ ઓગસ્ટ ૨૦૧૧ના અંતમાં ૮૯૯.૭૮ મિલિયન હતુ જ્યારે ટેલિડેનસીટી ૭૪.૯૬ ટકાની સપાટીએ હતી. જો કે હવે તેમાં વધારો થયો છે. જો કે વાયરલેસ યુઝરોનું નેટવર્ક ઓગસ્ટમાં ઘટીને ૩૧.૨ મિલિયન થઈ ગયુ છે. ઓગસ્ટ ૨૦૧૧માં નેટવર્ક ૩૪.૧ મિલિયન હતુ જે ઘટીને હવે ૩૧.૨ મિલિયન જેટલુ નેટવર્ક થઈ ગયુ છે. વાયરલેસ ફોન ઓગસ્ટ ૨૦૧૨માં ૯૦૮.૩ મિલિયન થઈ ગયા છે જે ગયા વર્ષે આ જ ગાળામાં ૮૬૫.૭ મિલિયન હતા. બીએસએનએલ અને એમટીએનએલનું વાયરલાઈન સેગમેન્ટમાં પ્રભુત્વ અકબંધ રહ્યુ છે. જ્યારે ખાનગી ઓપરેટરોનું વાયરલેસ ક્ષેત્રમાં પ્રભુત્વ રહ્યુ છે. બીએસએનએલ અને એમટીએનએલ વાયરલાઈન ફોનનું ૭૯.૯૩ ટકા માર્કેટ હિસ્સેદારી ધરાવે છે. જ્યારે વાયરલેસ સેગમેન્ટમાં ૧૧.૫૧ ટકા હિસ્સેદારી ધરાવે છે.

# લેટ ડિલિવરી માટે એલપીજી ડિલરોને દંડ કરાશે

**બૂકિંગ કરવામાં આવ્યાના ૪૮ કલાકની અંદર જો રિફિલ આપવામાં નિષ્ફળતા મળશે તો ડિલરોને જંગી દંડ કરાશે : પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા નવી તૈયારી શરૂ**



નવી દિલ્હી,તા. ૪

સામાન્ય લોકોને વધારે રાહત મળે અને હેરાનગતિ ઓછી થાય તેની ખાતરી કરવાના હેતુસર કેન્દ્ર સરકાર હવે લેટ ડિલિવરી માટે એલપીજી ડિલરોને જંગી દંડ કરવાના પાસા પર વિચારણા કરી રહી છે. આ નવી માર્ગદર્શિકા હવે ટુંક સમયમાં જ અમલી બનાવી દેવામાં આવે તેવી શક્યતા છે. જાણવા મળેલી માહિતી મુજબ એક એવી નવી દરખાસ્ત પર વિચારણા થઈ રહી છે જે હેઠળ બુકિંગ કરવામાં આવ્યાના ૪૮ કલાકની અંદર રિફિલ આપવામાં નિષ્ફળ રહેશે તો રાંધણ ગેસના ડિલરોને દંડ કરવામાં આવશે. ફયુઅલ રિટેલર માટે સુધારવામાં આવી રહેલી માર્કેટિંગ માર્ગદર્શિકામાં આ નવી જોગવાઈને સામેલ કરવા પર હાલમાં કામ ચાલી રહ્યું છે. મંત્રાલયના સુત્રોએ કહ્યું છે કે ડિલરના સ્તરે હાડમારી અને પરેશાની અંગે ગ્રાહકો તરફથી વ્યાપક ફરિયાદ મળ્યા બાદ આ દિશામાં વિચારણા કરવામાં આવી રહી છે. તેમના કનેક્શનની મુલ્યાંકનની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. આને કેવાયસી તરીકે ગણવામાં આવે છે. પેટ્રોલિયમ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે અનેક ફરિયાદ મળ્યા બાદ નવી જોગવાઈ ઉમેરવામાં આવી રહી છે. જુદા જુદા વર્ગોથી જોરદાર રજૂઆત કરવામાં આવી રહી છે. આ તમામ રજૂઆતની નોંધ લેવામાં આવી છે. નવેસરની માર્ગદર્શિકામાં પહેલાથી અમલમાં રહેલા પગલા અને નવા પગલાની નોંધ લેવામાં આવી છે. તમામ પગલાને હવે વધુ કઠોર રીતે અમલી બનાવવામાં આવનાર છે. અધિકારીઓનું કહેવુ છે કે કેવાયસી ઝુંબેશ પણ મલ્ટીપલ કનેક્શન ધરાવતા બોગસ ગ્રાહકોને શોધી કાઢવાના હેતુસર હાથ ધરવામાં આવી છે. સરકારના નાણાંકીય બોજને ઘટાડવા માટે હાલમાં જુદા જુદા પાસા પર વિચારણા કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સરકારે હાલમાં વર્ષમાં એક પરિવારને માત્ર છ જ સબસિડીવાળા એલપીજી ગેસ સિલિન્ડર આપવાનો નિર્ણય કર્યો હતો. જેનો વ્યાપક વિરોધ હજુ જારી છે. સબસિડીવાળા એલપીજી સિલિન્ડરોની વાર્ષિક સંખ્યા એક પરિવારને વધારીને નવ કરવાની હિલચાલ પણ ચાલી રહી છે. અધિકારીઓની કબુલાત છે કે મોડેથી ડિલિવરી સૌથી સામાન્ય ફરિયાદ છે. ખાસ કરીને નોન મેટ્રોમાં આ સમસ્યા વધારે જોવા મળી રહી છે. ડિલરોને સજા કરવાની બાબત વિચારણા હેઠળ છે. વિલંબથી ડિલિવરીના કેસમાં દરેકમાં દંડ કરવાની હિલચાલ ચાલી રહી નથી. જોકે ૧૦-૨૦ટકા ડિલિવરી ફેલ રહેશે તો દંડ અંગે વિચારાશે.

## શબ્દ સમીપે

(ચોથા પાનાનું અનુસંધાન)

કજરિયા, ડો. મકરન્દ મહેતા, ડો. જયકુમાર શુક્લ, સૌરાષ્ટ્રની તેજસ્વી પ્રતિભા તરીકે ઓળખ આપતા ડો. મુગટલાલ બાવીસી, ઇતિહાસના સિંહ નાદ તરીકે બિરદાવતા ડો. લક્ષ્મણ વાઢેર, ઇતિહાસનું અનોખું વ્યક્તિત્વ ગણાવતા ડો. નરેશ જે. પરીખ અને એક પથદર્શકની ભૂમિકામાં ડો. મહેબૂબ દેસાઇને નીરખતા ગીરીશ વાઘેલાના લેખો અહીં સમાવવામાં આવ્યાં છે.

તે પછી આ ગ્રંથમાં લેખકના ૧૨ જેટલા પુસ્તકોમાં વિવિધ મહાનુભાવોએ લખેલ પ્રસ્તાવનાઓ મુકવામાં આવી છે. જેમાં લેખકના પુસ્તક મહેંક અંગે રસપ્રદ અને પ્રેરક ચરિત્ર લેખન વિષે ડો. ઇશ્વરભાઇ દવેની પ્રસ્તાવના મળે છે તો 'પરબ'નું આચમન રૂપે ડો. વિનોદ જોશી, આવિષ્કાર - ડો. રમણલાલ ક. ધારૈયા પુસ્તકનો પરિચય આપે છે. બુટ્ટાદાર, સુગંધીદાર રેખાચિત્રો રૂપે ગુણવંત શાહ બિરદાવે છે, તો ડો. નિરંજન દવે તો આવકાર અને યશવંત શુક્લના પુરો વચન પ્રાપ્ત થાય છે. રતુભાઇ અદાણી આવકાર અને અભિનંદન કરે છે. તો ડો. ધીરૂભાઇ ઠાકર હૃદય પ્રવાસની ઘટના રૂપે પ્રાસ્તાવિક મુકી આપે છે. ગુજરાતના સુવર્ણ પૃષ્ઠોનો પ્રમાણભૂત ઇતિહાસ કહીને ડો. કુમારપાળ દેસાઇ તેમના 'ગુજરાતની સ્વાતંત્ર્ય સાધના' ગ્રંથને અવલોકે છે. તો માનવધર્મ ઇસ્લામ રૂપે પ.પૂ. મોરારી બાપુ તેમને પ્રમાણે છે. નૂતન ભારતની ઝંખના રૂપે પ્રકાશભાઇ શાહે લખ્યું છે, તો ઇસ્લામની સૂફી સુગંધનું અભિવાદન ગુણવંત શાહ પણ કરે છે. વળી પુસ્તક અવલોકનમાં પુરૂષોત્તમ ગણએશ માવલંકરનો આવકાર, પયગંબર સાહેબનું ધાર્મિક ઔદાર્ય યશવંત શુક્લ અને સ્વાતંત્ર્ય સંગ્રામમમાં સૌરાષ્ટ્રનો ફાળો પુસ્તકનું અવલોકન રમણલાલ જોશી દ્વારા પ્રાપ્ત થાય છે.

આ માતબર ગ્રંથમાં ૨૬ જેટલા મહાનુભાવોનાં પત્રો, પત્રસૃષ્ટિ રૂપે મળે છે, જેમાં સાહિત્ય, રાજકારણ, શિક્ષણ, સમાજસેવા ક્ષેત્રના મહાનુભાવો સાથે થયેલ પત્ર વ્યવહારનાં ઉદાહરણ રૂપે પત્રો મળે છે. જેમાંથી લેખકની સામાજિક, રાજકીય, સાહિત્યિક, નિસ્બત અને લાગણી ભર્યા સંબંધોની મહેંક માણી શકાય છે.

ગુજરાતના એક જાણીતા ઇતિહાસકાર - સાહિત્યકાર મહેબૂબભાઇ દેસાઇની ષષ્ઠિપૂર્તિ વેળાએ તૈયાર થયેલો આ ગ્રંથ તેમના વ્યક્તિત્વ અને કૃતિત્વના આઇના સમાન છે. ડો. મહેબૂબ દેસાઇ ભાવનગર યુનિવર્સિટીના ઇતિહાસકાર વિભાગમાંથી હવે ગુજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગમાં પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે કાર્યરત થવા જઇ રહ્યા છે, ત્યારે આ ગ્રંથ તેમની ગુજરાતની ઇતિહાસ લેખન પરંપરાના મહત્ત્વપૂર્ણ મુકામને સમજવામાં મદદરૂપ થાય તેમ છે.

આવું સુંદર અને માહિતીપ્રદ, સુઘડ છપાઇ વાળું પ્રકાશન કરવા બદલ તેના સંપાદકો, અભિનંદનના અધિકારી છે. ડો. મહેબૂબ દેસાઇને પણ આ પ્રસંગે હૃદય પૂર્વકના અભિનંદન પાઠવી વિરમું છું.

**પ્રો. મહેબૂબ દેસાઇ વ્યક્તિ અને વાંઙ્મય**

**સંપાદકો - પ્રા. એમ. જે. પરમાર, ડો. લક્ષ્મણ વાઢેર, ડો. અરૂણા વાઘેલા**

**પ્રકાશક - પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ**

**પ્રથમ આવૃત્તિ - ઓક્ટોબર, ૨૦૧૨**

**મુલ્ય - રૂા. ૫૦૦/-**

## સખીને પત્ર

(ચોથા પાનાનું અનુસંધાન)

સાધુત્વનું છેલ્લું શિક્ષણ તને ત્યાં જ મળશે. યોગી રાજા જનકના દરબારમાં ગયો ત્યારે ત્યાં રાજસભા રંગરાગમાં ડૂબેલી હતી નર્તકીઓ નૃત્ય કરી રહી હતી. આ બધું જોઇ યોગીને અણગમો થઇ આવ્યો કે આતો નરી માયા છે! અહીં સાધુત્વનું છેલ્લું શિક્ષણ કઇ રીતે મળે? તે રાજદરબાર છોડી રહ્યો હતો કે રાજા જનકે તેને રોકી લીધો અને રાત પોતાના મહેલમાં રહેવા સમજાવ્યો. યોગીને અલાયદો ઓરડો આવ્યો. યોગી રાત્રે પલંગમાં સૂતો તેવો જ ચમક્યો તેણે પલંગની બરાબર ઉપરએક તલવાર લટકાવેલી જોઇ. બરાબર ઉપર એક તલવાર નીચે પડે તેવો ભય હતો. યોગીને આખી રાત ઊંઘ ન આવી રખે ને દોરો તૂટી જાય ને તલવાર નીચે પડે તો રામ રમી જાય. બીકથી ફફડીને આખી રાત કાઢી નાંખી. સવારે જનક રાજાએ પૂછ્યું, 'મહારાજ, બરાબર ઊંઘ આવી હતી ને?', 'શું ધૂળ ઊંઘ આવે.' શિષ્યએ ગુસ્સે થઈને કહ્યું, 'પલંગ પર લટકાવી હતી તે તલવાર પડશે એ ભયમાં આખી રાત મટકું ય માર્યું નથી.' રાજાએ તરત બીજો પ્રશ્ન પૂછ્યો, 'મહારાજ, તો તો આખી રાત ભગવાનનું ભજન કર્યુ હશે ને?', 'શિષ્યને ત્યારે જ યાદ આવ્યું કે તલવારની બીકમાં પ્રભુભજન પણ વિસરાઇ ગયું. યોગીને ભૂલ સમજાઇ તે રાજાના પગમાં પડી ગયો. રાજાએ કહ્યું કે, 'મૃત્યુની તલવાર મારા પર હંમેશાં મંડાયેલી રહે છે. છતાં સંસારના મોહ અને માયામાં એટલો પણ નથી ડુબ્યો કે ઈશ્વરને ભૂલી જાઉં. મારૂં શરીર રાજા તરીકેનું કાર્ય કરે છે, મન માનવ સહજ કર્તવ્ય નિભાવે છે. અને હૃદય ઈશ્વર સાથે જોડાયેલું છે.'' આપણે પણ જનક જેવાં વિદેહી થવાની જરૂર છે.

મોહને સમજો, ચાલીને કંઇ ન મળે તેમ હોય તો દોડો તેમાં વાંધો નથી. દોડતી વખતે આપણી શક્તિ અને પ્રભુ પ્રત્યેની શ્રધ્ધાનું બરાબર ભાન રાખો જેથી હાંફી ન જવાય કે ઠોકર વાગવાથી ડગી ન જવાય. ક્રિકેટમાં જોખમી બૉલ ફેંકાય ત્યારે ક્રિકેટર હળવેથી રમે છે. બૉલને 'સમજ્યા વગર સિક્ટર મારવા જાય તો બોલ્ડ થઈ જાય. મોહનું પણ એવું જ છે. કયા દડાથી બચવું અને કયા દડાથી રમવું એ આવડી જાય તો પછી આઉટ થવાનો ડર નહિ લાગે. યાદ માત્ર એટલું જ રાખવાનું છે કે દરેક બૉલ પર સિકસર ન લાગે અને આપણી સમગ્ર રમત પર 'અમ્પાયર'ની ચકોર બાજ નજર છે જ.

- તારી સ્વાતિ

## ધનતેરસે વેચાણમાં ૪૦ ટકા વધારો થવાની આશા : જ્વેલર્સ હજુ પણ આશાવાદી છે

મુંબઈ,તા. ૪

સોનાની ઉંચી કિંમતના કારણે વેચાણને માઠી અસર થઈ રહી છે. વેચાણ છતાં પણ વધવાની આશા જ્વેલર્સોને દેખાઈ રહી છે. જાણકારો લોકોનું કહેવું છે કે ધનતેરસના દિવસે વેચાણમાં ૪૦ ટકાનો વધારો થઈ શકે છે. હિન્દુઓ માટે સોનાની ખરીદી માટે ખુબજ શુભ ગણાતા ધનતેરસના દિવસે જંગી વધારો થવાની આશા જ્વેલર્સોને પણ દેખાઈ રહી છે. ગિતાંજલી ગ્રુપના ચેરમેન અને એમડી મેહુલ ચોકસીએ કહ્યુ છેકે વેચાણમાં આ ધનતેરસના દિવસે ૩૫થી ૪૦ ટકા સુધીનો વધારો થઈ શકે છે. દિવાળી બાદ તરત જ લગ્નની સિઝન શરૂ થશે આને લઈને પણ સોનાના વેચાણમાં વધારો થવા માટે આશા દેખાઈ રહી છે. જો કે તેજીમાં ગતિ ધીમી દેખાઈ રહી છે. લોકો હજુ હળવી જ્વેલરીની ખરીદી કરી રહ્યા છે. સિક્કાઓ માટેની માંગ પણ મજબુત દેખાઈ રહી છે. વાર્ષિક આધારે ૩૫-૪૦ ટકાનો વધારો થઈ ચુક્યો છે. શ્રી ગણેશ જ્વેલરી હાઉસના વડા રાહુલ સિંહે કહ્યુ છેકે કિંમતો વધવાની સાથે સાથે હળવા વજન વાળા જ્વેલરીના દાગીનાની કિંમત વધી રહી છે. માંગ પણ વધી રહી છે. આગામી તહેવાર માટે ગોલ્ડ જ્વેલરીની ખરીદી કરવા લોકો આવી રહ્યા છે. કિંમતમાં ભવિષ્યમાં વધારો થશે તે બાબતને ધ્યાનમાં લઈને અમીર લોકો જ્વલરીની ખરીદી કરી રહ્યા છે. સોનાા સિક્કાની ખરીદી ઝડપથી વધી છે. સોનાની કિંમત હાલમાં છેલ્લા થોડાક દિવસમાં ઘટી હોવા છતાં કિંમત હજુ પણ ખુબ ઉંચી છે. ધનતેરસ અને દિવાળી પર હંમેશા સોનાની માંગમાં અનેકઘણો વધારો થઈ જાય છે. તેવી કબૂલાત અન્ય બેંકો દ્વારા પણ કરવામાં આવી છે.